જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૯/૨૦૨૨ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૫૫૯/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૧/૦૮/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૨ | ૦ | ૧૪૨ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૬૯૫ | ૦ | ૧૦૦૬૯૫ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૭ | ૩,૫૫,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## ગુજરાત યુનિવર્સીટી પોલીસ

## શરીર સબંધી પાસા અટકાયતીની ધરપકડ કરતી ગુજરાત યુનિવર્સીટી પોલીસ

મહે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “બી” ડીવીઝન નાઓની સુચના અને માર્ગદશગન મુજબ અત્રેના પો.સ્ટે.વિસ્તારમાં ગુનાહિત પ્રવૃત્તિ કરતો માથાભારે ઇસમ શ્રી ભવંરલાલ અમરાજી બુનકર ઉ.વ.૪૩ ધંધો.વેપાર રહે. રણછોડભાઈ રબારીની ચાલી, અક્ષરદીપ ફ્લેટની સામે, ચામુંડા ડેરીની ગલીમાં, વાળીનાથ ચોક, મેમનગર, અમદાવાદ શહેર મુળ ગામ. અમલોદા તા.સલુમ્બર જી.ઉદેપુર રાજસ્થાન વિરૂધ્ધમાં ગુજ.યુની.પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૭૨૨૦૩૪૨/૨૨ ધી ઈપીકો કલમ ૩૭૬(૨)(એન), ૫૦૬(૧), તથા પોસ્કો એકટ ૩, ૪, ૫(એલ), ૬,૧૨, ૧૩ મુજબ શરીર સંબધી ગુનો દાખલ થયેલ હોય જે આધારે તપાસ કરી આરોપીની ગુનાહીત પ્રવૃત્તિ જી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય આરોપીની ગુનાહીત પ્રવુતી તાત્કાલીક અંકુશમાં લેવી જરૂરી હોય જેથી જરૂરી દસ્તાવેજી પુરાવાઓ એકત્રીત કરી સમયમર્યાદામાં આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે મોકલી આપતાં મે.પોલીસ કમિશ્નર સા.શ્રી નાઓના કચેરીના ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૭૮૬/૨૦૨૨ તા.૩૧/૦૮/૨૦૨૨ થી પાસા હુકમ મેળવી તા:૩૧/૦૮/૨૨ કલાક ૨૧/૪૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને જરૂરી પોલીસ જાપ્તા સાથે વડોદરા જેલ ખાતે અટકાયતમાં રહેવા સારુ મોકલી આપેલ છે. તા:૦૧/૦૯/૨૦૨૨

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ

**(1) પો.ઇન્સ. વી.જે.જાડેજા**

**(2) અ.હે.કો પ્રહલાદસિંહ રણુભા બ.નં.૪૦૬૩**

**(3) અ.હે.કો. કનુભાઈ નાગજીભાઈ બ.નં.૬૮૫૮**

**(3) પો.કો. અનિલકુમાર હિંમતલાલ બનં.૩૬૫૪**

**(4) પો.કો. અનિલકુમાર ઇશ્વરભાઇ બ.નં.૮૦૭૮**



## શહેરકોટડા પોલીસ સ્ટેશન

## પ્રોહિબીશનના ગુનાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપીઓની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૩ સાહેબ તથા મ.પો.કમી.શ્રી ડી-ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. બી.કે.ખાચર નાઓની સુચના આધારે સ્ટાફના માણસો દ્વારા આરોપીઓને પકડી લાવતા (૧) વિશાલકુમાર મહેશભાઇ રાવત ઉ.વ.૨૨ રહે-કુંદલાલની ચાલી ગોવર્ધન ફ્લેટની બાજુમાં મેઘાણીનગર છેલ્લા બસ સ્ટેન્ડની પાસે મેઘાણીનગર અમદાવાદ શહેર તથા (૨) આશાબેન મહેશભાઇ ચુનારા ઉ.વ.૫૦ રહે-કંટોડીયાવાસ અંકુર મીલની સામે કાગડાપીઠ અમદાવાદ શહેર તથા (૩) ભાવનાબેન લાલસિંહ રાજપુત ઉ.વ.૪૦ રહે-અબ્દુલખાનનો ટેકરો કાગડાપીઠ અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધમાં (૧) શહેરકોટડા પો.સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૨૧૧૮૫/૨૦૨૨ પ્રોહિ.એક્ટ કલમ ૬૫(ઇ), ૯૮(૨), ૮૧ મુજબના ગુનામાં મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-(૧) પીસીબી/ડીટીએન/પાસા/૭૯૦/૨૦૨૨ તા.૩૧/૦૮/૨૨ તથા (૨) પીસીબી/ડીટીએન/પાસા/૭૯૧/૨૦૨૨ તા.૩૧/૦૮/૨૨ (૩) પીસીબી/ડીટીએન/પાસા/૭૯૨/ ૨૦૨૨ તા.૩૧/૦૮/૨૨ થી પાસા હુકમ થયેલ હોય આરોપીઓને તા.૩૧/૦૮/૨૦૨૨ ના રોજ પાસા હુકમની બજવણી કરી આરોપીઓને મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૬૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૧૬૪ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ બિયર ટીન અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯,૨૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૬૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૫૬૨/૨૦૨૨**

**"એમ' ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** તનવીરઆલમ હસિબુરરહમાન શેખ (ઉ.વ. ૪૨) (રહે. પઠાનની ચાલી સરખેજ) તા.૩૦/૦૮/૨૦૨૨ રાતના ૧૧/૧૫ વાગ્યા પહેલા શાંતિપુરા સર્કલથી સરખેજ તરફ જતા પેટ્સન પાઈપ્સ કંપનીના બોર્ડ સામેથી શીંગ-ચણાની લારી લઈ પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા તનવીરઆલમ શેખને ગંભીર ઈજાઓ થતા તેમનું સ્થળ ઉપર જ મૃત્યુ નિપજયું હતું. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર તનવીરઆલમ શેખના ભાઈ મોહમદશાહજમાલ શેખે "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી જી.કે.ભરવાડ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૫૬૩/૨૦૨૨**

**વાસણાઃ** નરેન્દ્રભાઇ ઉર્ફે ભુરાભાઇ બાબુલાલ ઠક્કર (ઉ.વ.૪૫) (રહે.પટેલવાસ ગોવિંદભાઇની ચાલી જૈન દેરાસર પાસે ટેલીફોન એક્ષચેંજ સામે વાસણા) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૮/૨૦૨૨ બપોરના ૩/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના ભાગે મોભીયા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ગુલાબસિંહ સવજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી